વિદ્યા, વિનય, વિચાર, વાણી અને વર્તનનો સમન્વય એટલે...

# પંચશીલ

ક્રિએટીવ સંકુલ દ્વારા સંચાલિત પંચશીલ સ્કૂલનું માસિક

વર્ષ : ૧૧ | અંક : ૧૦૯ | પેઇજ : ૧૨

સંપાદક : ડૉ. ડી.કે. વાડોદરીયા | ઓકટોબર : ૨૦૨૨ | સંયોજક : યોગીરાજસિંહ જાડેજા




શિવનગર મેઇન રોડ, પી.ડી.એમ. કોલેજ કેમ્પસ, ગોંડલ રોડ, રાજકોટ.

ફોન : (0281) 2382626, મો. : 88 66 11 00 11, 88 66 22 00 22, 88 66 33 00 33

Web : www.panchshilschool.org, Email : admin@panchshilschool.org, panchshilschool2011@gmail.com

# શક્તિમાન વર્તમાન

જીવનની ‘‘આ ક્ષણ’’ એટલે વર્તમાન જેને તમે માણી રહ્યા છો. આ વાંચ્યા પછી જો તેનો અમલ કરવાનું શરૂ કરી દેશો તો એક નવું જીવન મળી જ જશે. તે નિર્વિવાદ બાબત છે. પણ, Condition Apply જો તેનો અમલ કરશો તો જ.

તો ચાલો, જીવન જીવી લઈએ, જીવન જીતી લઈએ, જીવન માણી લઈએ.....

જેનો વર્તમાન સારો, તેના ત્રણેય કાળ સારા, કેમ ? જેનો વર્તમાન સારો, તેનો ભૂતકાળ ચોક્કસ સારો જ હોય અને જેનો વર્તમાન અને ભૂતકાળ સારો હોય તેનું ભવિષ્ય અવશ્ય ઉજ્જવળ હોય જ. પણ તે માટે જરૂરી છે, સતર્કતા અને જાણપણું. તે કેવી રીતે રખાય, તો ચાલો જાણીએ એક પ્રસંગ દ્વારા.

દરિયાકાંઠે ફરવા આવેલા એક હિરાના વેપારીનો કિંમતી હિરો ત્યાં જ ખોવાઇ ગયો. અતિવ્યાકુળતા સાથે તે જયાં બેઠો હતો તેની નજીકના કાંકરાઓને હાથમાં લે જુએ અને દરિયામાં ફેંકે.., કાંકરાઓને હાથમાં લે જુએ અને દરિયામાં ફેંકે.. પછી તો આ એક પ્રતિક્ષિપ્ત ક્રિયા થઇ ગઇ. કાંકરાને હાથમાં લે જૂએ અને દરિયામાં ફેંકે.. પછી થોડા સમય પછી એવું બન્યું કે કાંકરાઓને હાથમાં લીધા જોયા અને તેમાં એ ખોવાયેલો હિરો હતો.. હવે તો આ તેના જીવનની ક્રિયા પ્રતિક્ષિપ્ત બની ચૂકી હતી. એટલે નાંખ્યો દરિયામાં એને થયું અરે...! આ શું થયું...? મિત્રો, આવી જ રીતે આપણે જીવીએ છીએ. જિંદગી જાણવા છતાં ખબર રહેતી નથી... એટલે જ તો આ વાત આપને જગાડવા અને માણી લેવા માટે લખવામાં આવી છે.



આપણે સ્વમૂલ્યાંકન કરીએ કે, આવું તો આપણે કાંઇ નથી કરતાં ને જે ખોવાઇ ગયું છે, પાછું હાથમાં આવ્યું છે તેને વેડફીના દઇએ, નાખી ના દઇએ. વર્તમાનને ખોઇ ના બેસીએ...

જાગો અને ધ્યેય પ્રાપ્તિ ન મળે ત્યાં સુધી મંડયા રહો. એટલે જ તો ગુણાતીતનંદ સ્વામીએ કહ્યું છે કે, નિરંતર વિચાર કરવો કે મારે શું કરવાનું છે અને હું શું કરી રહયો છું ? અને અને અહીં ઉમેરવાનું મન થાય છે કે, સાથે એ પણ વિચારો કે મારે શું નથી કરવાનું અને તે હું કરી રહયો છું.

તો હવે આપણે સૌ આપણને મળેલા આ વર્તમાન, ‘‘આ ક્ષણ’’ ઉપર ધ્યાન આપી “NOW” અબ ઘડી ‘‘આ પળ’’ ઉપર જ આપણાં અસ્તિત્વને આપણા “bieng” સાથે જોડી દઇએ સાથે મનની એકાત્માને એકરૂપ કરી, મળેલ વર્તમાન ક્ષણને જાણી લઇ અને જીવી લઇએ તે જ આજના દિવસે અભ્યર્થના.

જીવન, જીવંત બની જાય, જીવન-મંગલ બની જાય, અને જીવન આપનું ઉત્સવ બની જાય તેવી કામના સહ, આપણે પણ ઉતરોતર પ્રગતિ કરી આપણા આજના જીવનને ઉત્મોતમ બનાવવાની દિશામાં આગળ વધીએ. વિચારીએ, વર્તીએ, અને આગળ વધીએ તેવી અભ્યાર્થના સહ.

## આત્મબળ

આચાર્ય વિનોબા ભાવે જયારે યુવાન હતા ત્યારથી મહાત્મા ગાંધીજી સાથે આશ્રમમાં જોડાયા હતા.આશ્રમમાં જોડાયા બાદ બીજે દિવસે તેઓ ગાંધીજી પાસે ગયા અને બોલ્યા ‘‘મારે અહીં અત્યારે શું કામ કરવાનું છે ?’’

ગાંધીજીએ કહ્યું, કૂવામાંથી પાણી ખેંચી લાવો. વિનોબાએ આનંદથી કૂવામાંથી પાણી ભરવાનું કામ કરવા માંડયુ. પણ એ સમયે વિનોબાજીનું શરીર દૂબળું અને એકવડિયું હોવાથી ગાંધીજીને થયું કે આ યુવાન પાણી ખેંચવાનું ભારે શ્રમનું કામ કરી શકશે નહિ.

આથી તેમણે એક દિવસ વિનોબાજીને પોતાની પાસે બોલાવીને કહયું. તમારું શરીર નબળું છે તો તમે આ પાણી ભરવાનું કામ છોડી દો. આવું પરિશ્રમવાળું કામ હવે તમારે નહી કરવાનું. કોઇ ઓછા પરિશ્રમવાળું કામ તમે કરો ! વિનોબાજીએ કહ્યું, બાપુજી, મને ભારે પરિશ્રમવાળું આ કામ જ કરવા દો મને આ કામ કરવામાં ખૂબ મજા આવે છે ! મારું શરીર ભલે નબળું રહયું, પણ એની અંદર રહેલો આત્મા તો નબળો નથી ને ? આત્મા તો મારો સબળ છે ને ! પછી પરિશ્રમ ઉઠાવવામાં મને શો વાંધો ? આવા જ આત્મબળ પર નિર્ભર રહીને વિનોબાજીએ આખી જિંદગી દરમ્યાન ભગીરથ કાર્યો હાથ પર ધર્યા હતા.

જાડેજા મેઘરાજસીંહ આર. ધો.૩



# પંચશીલના ખૈલેયાઓ














તમે તમારા વિચાર બદલી નાખો, તમારી દુનિયા બદલાઈ જશે.





## વિશ્વની સૌથી મોટી વૉટર સ્લાઇડ : વેરુકટ



આનંદમેળા અને ફનપાર્કમાં વિવિધ જાતની રોમાંચક રાઇડસ માણવા જેવી હોય છે.વિશ્વનાં ઘણાં મોટા શહેરોમાં અજાયબી લાગે તેવી રાઇડ્સ જોવા મળે છે. વોટરપાર્કની મજા જુદી છે. પાણી સાથેની આ રોમાંચક રાઇડ્સ પણ જાતજાતની હોય છે. તેમાં અમેરિકાના કેન્સાસ શહેરમાં આવેલી વિશ્વની સૌથી મોટી વોટર કોસ્ટર રાઇડ તો ગજબ છે. તેનું નામ વેરુકટ છે. વેરુકટ એટલે ‘પાગલપન’ વેરુકટ ૫૧ મીટર ઉંચાઇએથી ૬૦ં ખૂણે જમીન પર પાણીનો ધોધ વહાવે છે. ૧૦૫ કિલોમીટરની ઝડપે ચાલતી આ રાઇડ ભારે રોમાંચક છે. ૨૦૧૪ માં બંધાયેલા આ કોસ્ટરનો સહેલાણી ૧૨૦ ફૂટની ઉંચાઇએથી નીચે આવે છે. આ ઉંચાઇ નાયગ્રાના ધોધ કરતાં પણ વધુ છે. આ રાઇડ્સને ૧૭ માળ છે. આખું માળખું ૧૧ માળના મકાન કરતા પણ ઊંચુ છે. ૪૫ કિગ્રાનાં રાફટ કન્વેયર બેલ્ટ વડે સહેલાણીને ટોચે પહોંચાડે છે, અને ૧૦૫ કિલોમીટર ની ઝડપે ૬૦ં ના ખૂણે જમીન તરફ ધસે છે. કેન્સાસ જતાં સહેલાણીઓ આ રાઇડનો રોમાંચ અચુક માણે છે.

ડાભી પલક ડી. ધો.૪

## ગુલાબી રંગનું ઝરણું



- ઘણા Waterfalls એવા છે જે દુનિયામાં સૌથી અસાધારણ છે દુનિયા ઘણી મોટી છે. અને તેમાં અનેક રાજ પણ છુપાયેલ છે. જો કે બધા, રાજ આપણે એક સાથે જાણી શકીએ તેથી જયારે આનો યોગ્ય સમય આવે ત્યારે આપણને ચોકકસ જાણવા મળે છે.
- દુનિયા ઘણી સુંદર છે. તેના વિશે આપણે જાણીએ છીએ ત્યારે આપણને પ્રકૃતિના અલગ અલગ એવા અનેરા રંગો જોવા મળે.
- આ Waterfalls કેનેડામાં આવેલા છે. જેનું નામ કૈમરોન વોટરફોલ છે. આ કેનેડાના અલબર્થમાં સ્થિર છે. તેમને જુન મહિનામાં આ પિંક પાણીથી ભરેલ જોવા મળશે.
- બધા ઝરણાથી અલગ આ ઝરણાથી ખૂબી એ છે કે આમા બધા Waterfalls ની જેમ સફેદ દૂરથી જોતા ભૂરું પાણી નથી વહેતું પણ પિંક પાણી વહે છે. આ પોતાનામાં જ એક ખૂબી છે. આને જોવા માટે સેંકડો લોકો વેકેશનમાં અહીં જાય છે.
- ખરેખર આ ગુલાબી રંગનું એટલા માટે દેખાય છે કે ભારે વરસાદ ને કારણે આમાં એક એગ્રીલાઇટ (પહાડોની ભેખડોમાંથી મળી આવતો પદાર્થ) નામનો પદાર્થ ભેળવાય જાય છે. જેથી તડકામાં આનું પાણી ગુલાબી રંગનું દેખાય છે જયારે આ વોટરફોલ પાણી ઉપરથી નીચે પડે છે. ત્યારે ખરેખર જોવા લાયક દ્રશ્ય પ્રકટ થાય છે.
- અહીં બતાવેલ ફોટોમાં જરા પર ફોટોશોપની ઈફેકટ નથી આ ૧૦૦% સાચો ફોટો છે. ઉલ્લેખનીય છે કે એમ તેમને આમા અગાઉ લોહીથી વહેતું ઝરણું, પાણીની વચ્ચે આગ અને તુંકીના ગરમ પાણીના ઝરણા, સાથે રૂબરૂ કરાવી ચુકયા છીએ.

અભંગી સન સી. ધો.૬

## વિશ્વની પ્રસિદ્ધ અને આકર્ષક કેનાલ્સ

કેનલ્સ કે નહેર સિંચાઇ કે અન્ય હેતુ માટે બનાવેલો પાણીનો પ્રવાહ છે. વિશ્વમાં પનામા અને સુએઝ કેનાલ જાણીતી છે. પનામા એટલાન્ટિક અને પેસિફિક સમુદ્રને જોડતી ૮૦ કિલોમીટર લાંબી કેનાલ છે. તેમાં વર્ષે લગભગ ૧૪૦૦૦ જહાજે પસાર થાય છે. ઈજિપ્તની સુએઝ કેનાલ યુરોપ અને એશિયા વચ્ચે જળમાર્ગની ગરજ સારે છે. એન્જિનિયરિંગ અને ટેકનોલોજીનો ઉપયોગ કરીને આ બે કેનાલ ઉપરાંત ઘણી કેનાલ પ્રસિદ્ધ છે. વેનિસની ગ્રાન્ડ કેનાલ શહેરનો રાજમાર્ગ કહેવાય છે. અંગ્રેજી ‘એસ’ આકારની આ કેનાલ ૩૮૦૦ મીટર લાંબી છે.

નેધરલેન્ડનું આમ્સ્ટર્ડામ બીજુ વેનિસ કે તરતું શહેર છે. તેમાં ૧૭મી સદીમાં બંધાયેલી કેનોલો છે. ત્યાંની સિંગલ કેનાલમાં ફૂલબજાર ભરાય છે. ખેતીમાં સિંચાઇ માટે પણ કેનાલ બનાવાય છે. ચીનની પ્રાચીન ગ્રાન્ડ કેનાલો વિશ્વપ્રસિદ્ધ છે. વિશ્વની આ સૌથી જૂની કેનાલ છે અને આજે પણ ઉપયોગમાં લેવાય છે.

ગોહેલ શૌર્ય પી. ધો.૬

બીજા સાથે એવી જ ઉદારતા રાખો, જેવી ઈશ્વર તમારી સાથે રાખી છે.



# પંચશીલના ખૈલેયાઓ























# દરિયાનાં મોજાંની ઊંચાઈનું માપ



હવામાન અને વરસાદના વર્તારાના સમાચારોમાં દરિયામાં કેટલી ઊંચાઈના મોજાં ઉછળશે આગાહી પણ કરવામાં આવે છે. દરિયાના મોજાંની ઊંચાઈનું ખાસ મહત્વ છે. નેવલ એન્જિનિયરિંગ અને સાગરખેડૂઓ માટે તે ઉપયોગી છે. દરિયાના મોજાંની ઊંચાઈ કેવી રીતે માપવામાં આવે છે તે જાણો છો ? દરિયા કિનારે પાણીના લેવલનું માપ દર્શાવતી પેનલ હોય છે. દરિયો શાંત હોય ત્યારે તેનું લેવલ માપવામાં આવે છે. મોજાં ઊછળે ત્યારે સૌથી વધુ ઊંચાઈનું માપ લેવામાં આવે છે. તેને ક્રેસ્ટ કહે છે. તે જ રીતે સૌથી નીચા મોજાંની ઊંચાઈને ટ્રફ કહે છે. બંને મોજાંનો ઊંચાઈનો તફાવત એટલે મોજાંની ઊંચાઈ. સમુદ્રના મોજાંનો સમયગાળા સાથે સરખામણી કરીએ પિરિઓડિક વેવ્ઝનું માપ પણ કાઢવામાં આવે છે. તે માટે વિવિધ પ્રકારના ગાણિતિક સૂત્રોનો ઉપયોગ થાય છે. હવામાન વિભાગ દર છ મિનિટે દરિયાના પાણીના લેવલમાં થતા ફેરફારની નોંધ લઈ આગાહી કરે છે. જે હવામાન ખાતાની ઓફિસમાં આ સુવિધા હોય તેને રેફરન્સ સ્ટેશન દરિયાની સપાટી ચંત્રોની તમામ માહિતી મુખ્ય હવામાન કચેરીને મોકલે છે.

રાખેચા હર્ષાલી એસ. ધો.૬

# શિયાળામાં ચામડી કેમ ફાટે છે ? ઉનાળા તેમજ ચોમાસામાં શા માટે નહિ ?




ચામડીનુ બાહ્ય પડ/epidermis ચાર જુદાં આવરણોનું બનેલું છે. ઉપરનું આવરણ સૂક્ષ્મ ફોતરીઓ તરીકે ક્રમશઃ ખરતું જાય તેમ નીચલા આવરણના કોષો ધીમે ધીમે સપાટી તરફ સરકે છે. આ કોષો ચપટા પાચ છે અને પોતાનો આંતરિક ભેજ પણ ખાસ્સી હદે ગુમાવે છે. હવે તે કોષોનું રચાતું નવું આવરણ પોતે જો કે તદ્દન સૂકું પડી જતું નથી. બાહ્ય પડની નીચેનું પડ/dermis પોતાની રકતવાહીનીઓ દ્રારા જલપ્રીરણ કરી તેને સતત ભીનું રાખે છે. ચામડીના બાહ્ય પડને એ રીતે ન્યુનતમ 10% ભેજ એકધારો મળતો રહે ત્યાં સુધી કશી માઠી અસર જણાય નહિ, પરંતુ શિયાળા દરમ્યાન ઋતુજન્ય એવાં બે ફેરફારો ચામડીને અકબંધ રહેવા દેતા નથી. એક તો સૂકી હવા ત્વચા હેઠળના દશ ટકા ભેજને કયાંય શોષી લે છે અને જોતજોતામાં તેને કોરસ પાડી દે છે. બીજો ફેરફાર એ કે શિયાળું ઠંડી વચ્ચે શરીરની દરેક પ્રસ્વેદગ્રંથી લગભગ નિષ્ક્રિય રહે છે, માટે ચામડી પસીના થકી પણ ભીની થતી તથી. ઉપરનું આવરણ સરવાળો તદ્દન સૂકું થાય છે, ફાટે છે. અને કયારેક નખ વડે સહેજ અજવાળે કે તરત નીકળી આવતી ફોતરીઓ સફેદ લીટા રચી દે છે.

સીદપરા મન એ. ધો.૫

# ખાંડની શોધ ભારતમાં થઈ હતી.




ખોરાકમાં ગળપણ માટે વિશ્વભરમાં ગોળ અને ખાંડનો ઉપયોગ થાય છે. આ બંને પદાર્થોની શોધ ભારતમાં થઈ હતી. અગાઉ લોકો મધ અને ફળોમાંથી ગળપણ મેળવતાં.

અંગ્રેજીમાં ખાંડને શુગર કહે છે તે સંસ્કૃત શર્કરા ઉપરથી ઉતરી આવ્યો છે. ખાંડ એ પાણીમાં ઓગળતું કાર્બોહાઈડ્રેટ છે. આપણા રોજીંદા વપરાશમાં લેવાતી ખાંડ વિજ્ઞાનની દ્રષ્ટિએ સુક્રોઝ છે. તે ગલુકોઝ અને ફ્રુકટોઝનું ડિસેકેરાઈડ સ્વરૂપ છે. ખાંડ શેરડી અને શુગરબીટ એમ બંનેમાંથી બને છે. ગોળ શેરડી ઉપરાંત તાડીમાંથી બને છે. દરેક વનસ્પતિમાં થોડા ઘણા અંશે શુગર હોય છે. શેરડી અને શુગરબીટમાં તેનું પ્રમાણ ખાંડ બનાવી શકાય તેટલું હોય છે. ભારતમાં ખાંડ કે સાકર પ્રાચીનકાળથી બને છે. પાંચમી સદીમાં ભારતમાં સાકર બનતી તે સ્ફટીક કે ગાંગડા સ્વરૂપે બનતી તે સ્ફટિક કે ગાંગડા સ્વરૂપે હતી તેને શર્કરા કે ખાંડ કહેતાં. જે રીતે શર્કરા ઉપરથી શુગર શબ્દ બન્યો તે જ રીતે ખાંડ ઉપરથી અંગ્રેજી કેન્ડી શબ્દ બન્યો છે. આરબ દેશોમાં પણ ખાંડ બનતી પણ ભારતની સાકર વિશ્વભરમાં સારી ગણાતી યુરોપમાં ખાંડનો ઉપયોગ માત્ર દવા તરીકે થતો. ભારત સિવાયના દેશોમાં સાકર વૈભવી ખાદ્ય ગણાતું. છઠ્ઠી સદીમાં ભારતમાં સફેદ ગાંગડા સ્વરૂપે રિફાઈન્ડ સાકર બનાવવાનો ઉદ્યોગ વિકસેલો. બારમી સદીમાં તે યુરોપ સહિત વિદેશોમાં પહોંચી હતી. કેમિસ્ટ્રીની દ્રષ્ટિએ સુક્રોઝ, ગ્લુકોઝ, ફ્રૂકતોઝ જેવા મોનોસેકેરાઈડઝ કાર્બોહાઈડ્રેટ છે જેને 'સિમ્પલ શુગર' કહે છે. તે લોહીમાં સીધી ભળે છે. અન્ય વનસ્પતિજ આહારમાંથી પણ શુગર મળે છે તેને કોમ્પલેક્ષ શુગર કહે છે. આજે સૌથી વધુ ખાંડનું ઉત્પાદન કરતાં દેશોમાં બ્રાઝિલ, ભારત અને ઓસ્ટ્રેલિયા છે.

જરીચા જયનીસ એસ. ધો.૩












શાળામાં ગાંધીજંયતિની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ધો. ૯ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ગાંધીજીની સંક્ષિપ્ત આત્મકથા પુસ્તકની ભેટ આપવામાં આવી.








FPA India રાજકોટ દ્વારા શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ માટે એડોલેશન એજ્યુકેશનલના એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.
જેમાં ડૉ.પ્રદિપભાઇ જોબનપુત્રા તેમજ તેમની ટીમે વિદ્યાર્થિનીઓને માર્ગદર્શન પૂરું પાડેલ હતું.

# જીવનમાં સુખી થવા માટે પાંચ મિત્રો બનાવો.

ચંદનપુર ગામમાં એક યુવાન રહે. નામ હતું એનું શંકર. તેની ઉંમર માંડ પચ્ચીસે પહોંચી હતી. પરંતુ તે જિંદગીથી હતાશ થઇ ગયો હતો. તેના મિત્રોએ જાણે કે, તેને તજી દીધો હોય તેમ તેને લાગતું હતું. બધા મિત્રોએ વિશ્વાસઘાત કર્યો તેમ તે અનુભવતો હતો. તેથી તે ઉદાસ ચહેરે ગામમાં સજ્જન ગણાતા કાંતિકાકાને મળવા માટે ગયો. પોતાના જીવનની એકલતાના દુઃખનું વૃતાંત તેણે કાંતિકાકાને જણાવતા કહ્યું કે, 'મારા જીવનમાં હું એકલો પડી ગયો છું, મને સાચી દિશા બતાવો.'

કાંતિકાકાએ કહ્યું એમાં મુંઝાય છે શું ? 'મારા જેવું તું મિત્રવર્તુળ બનાવ. મને કયારેય એકલું નથી લાગતું. એનું કારણ છે મારા પાંચ મિત્રો, તેઓ મને કયારેય દગો દેતા નથી.'

શંકરે કહ્યું કે, 'કાકા, તમે ભાગ્યશાળી છો ભાગ્યશાળી. જેથી આપને આવા સારા મિત્રોનો સંગાથ મળ્યો છે.'



કાંતિકાકાએ કહ્યું કે, 'મારા જેવા મિત્રોને કોઇ પણ વ્યકિત મિત્રો બનાવી શકે છે. તેઓ બધાના પ્રેમથી મિત્ર બને છે અને દિલથી દોસ્તી નિભાવે છે.'

શંકરે કહ્યું કે, 'તો તો મને જલ્દી તેવા મિત્રો સાથે મિલન કરાવો. શું તેઓ મારા મિત્ર બનશે ?'

કાંતિકાકાએ કહ્યું કે, 'જો શંકર, મારી વાત ધ્યાનથી સાંભળ. મારી જેમ મિત્રો બનાવવા એ સાવ એકદમ સરળ નથી, થોડો પ્રયત્ન કરવો પડશે. પરંતુ જો તે મિત્રો સાથે તારે મિત્રતા થઇ ગઇ તો તને જીવનભર તેઓ મદદ કરશે.'

શંકરે કહ્યું કે, 'કાકા, તો પછી તમે હવે ઉતાવળ કરો. મને તે મિત્રો સાથે જલ્દી મેળાપ કરાવો. એ પાંચ મિત્રોના નામ તો મને કહો ? તેઓ કયાં મળશે ? હું તેમની સાથે અવશ્ય મિત્રતા કરીશ.'


કાંતીકાકાએ તરત જ સમય જોઇને કહ્યું કે, 'પ્રામાણિકતા, સાદાઇ, સચ્ચાઇ, નિખાલસતા અને વચનબદ્ધતા. અને તેઓ રહે છે, તારા અંતરની અંદર જ. જો તારે જીવનમાં સુખી થવું હોય તો આ પાંચ મિત્રોને તાત્કાલિક મિત્રો બનાવી દે અને જિંદગીને ખુશીઓથી ભરી દે.'

આપણે જીવનમાં જો સુખી થવું હશે તો પ્રામાણિકતા, સાદાઇ, સચ્ચાઇ, નિખાલસતા અને વચનબદ્ધતા રૂપી ગુણ આપણે કેળવવા જ પડશે. અને એ ગુણ આપણામાં આવી જશે. એ ગુણોને આપણે આપણા મિત્રો બનાવી દઇશું તો આપણું જીવન સુખમય બની જશે.


**શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા વાલીશ્રીઓએ પણ આ મેગેઝીનમાં સ્વરચિત રચનાઓ (કવિતા, વાર્તા વગેરે) કે પોતાના વિચારો રજૂ કરવા માટે આવકારવામાં આવે છે.**
**યોગ્ય કૃતિ કે વિચારને સ્થાન મળશે. મેગેઝીનમાં કૃતિ કે વિચાર પ્રકાશિત કરવા માટે આખરી નિર્ણય સંપાદકનો માન્ય ગણાશે.**

































**મનોવિજ્ઞાન ભવન સૌરાષ્ટ્ર યુનિવર્સિટી** દ્વારા જીવન ઉજાસ નામની એક પ્રદશનીનું શાળામાં અભ્યાસ કરતા ધો. ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે આયોજન કરવામાં આવેલ હતું. જેમાં બાળ મનોવિજ્ઞાનને લગતા ચાર્ટ પ્રદર્શિત કરવામાં આવ્યા હતાં. આ પ્રદર્શનીને મનોવિજ્ઞાન ભવનના ડૉ. યોગેશ જોગસણ અને ડૉ. ડી.કે.વાડોદરીયાએ ખુલ્લી મુકી હતી.

# ટીચર્સ-ડે ઉજવણી...


PANCHSHIL SCHOOL





PANCHSHIL SCHOOL
PANCHSHIL SCHOOL

PANCHSHIL SCHOOL


PANCHSHIL SCHOOL

PANCHSHIL SCHOOL

PANCHSHIL SCHOOL

PANCHSHIL SCHOOL


PANCHSHIL SCHOOL

PANCHSHIL SCHOOL

PANCHSHIL SCHOOL

PANCHSHIL SCHOOL


PANCHSHIL SCHOOL


# ટીચર્સ-ડે ઉજવણી...













**મહાન કાર્યો માટેની પ્રથમ જરૂરિયાત આત્મવિશ્વાસ છે.**




## ગણેશ ચતુર્થી ઉજવણી...





## WINNER







ભારત વિકાસ પરિષદ આનંદ નગર શાખા દ્વારા આયોજીત સમૂહગાન સ્પર્ધામાં પંચશીલ સ્કૂલની ટીમે દ્વિતીય સ્થાન મેળવેલ હતું.